# ૬. કેવળ પ્રેમ, પ્રેમ ને પ્રેમ

**મુકેશ જોશી**

મુકેશ દુર્ગેશભાઈ જોશીનો જન્મ ૨ ઑક્ટોબર, ૧૯૬૪ના રોજ પાલનપુરમાં થયો હતો. સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં આવેલું વડાલી ગામ તેમનું વતન છે. પ્રાથમિક શિક્ષણ મોડાસામાં લઈ ડિપ્લોમા સિવિલ એન્જિનિયર બનનાર મુકેશભાઈની કર્મભૂમિ મુંબઈ છે.

મુકેશભાઈના ગીતો વધુ પ્રચલિત છે. ગુજરાતી ફિલ્મો અને સિરિયલો માટે પણ તેમણે ગીતો લખ્યા છે. ‘કાગળને પ્રથમ તિલક’ અને ‘બે પંક્તિનું ઘર’ તેમના કાવ્યસંગ્રહો છે. આઈ.એન.ટી. મુંબઈ તરફથી તેમને ‘શયદા’ એવૉર્ડ, ઉપરાંત ‘જયંત પાઠક’ એવૉર્ડ, સાહિત્ય અકાદમી એવૉર્ડ, હરીન્દ્ર દવે એવૉર્ડ, ગુજરાત સરકાર તરફથી શ્રેષ્ઠ ગીતકારનો એવૉર્ડ વગેરે સન્માન પ્રાપ્ત થયા છે.

**સૂર કૃતિનો**

પ્રસ્તુત કાવ્યમાં કવિએ માણસાઈ દાખવવાની વાત કરી છે. તિરસ્કાર, ઘૃણાને ત્યજીને કવિએ ‘ચાહવાની’ વાત કરી છે. ફળોને તાજા રાખવા માટે ફ્રીઝમાં મૂકીએ છીએ કે જેથી બગડી ન જાય... પણ આપણા વિચારોનું શું ? રોજિંદા જીવનમાં આપણે ‘ગમતાંનો ગુલાલ’ કરવો જોઈએ. દંભ અને દેખાડો કરવાને બદલે પ્રત્યેક માનવીને ચાહવાની વાત કરી છે. કશુંક છોડી દીધા પછી પણ ઘણું બધું મેળવ્યાનો સંતોષ હોવો જોઈએ. રોજેરોજ જીવાતી જિંદગીને જીવનમાં એકરસ કરવાની માણસાઈ માણસમાં હોવી જોઈએ એવું અહીં વ્યક્ત થાય છે.



સૂરજને ગુડ મોર્નિંગ કહેવાનું શીખો<br>
ને ઝૂકીને ચાંદને સલામ ભરો.<br>
બીજાં તો કામ કરે ઉપરવાળો<br>
તમે માણસને ચાહવાનું કામ કરો.<br>
તાજા દેખાવાની લહાયમાં<br>
જાત તમે સંતાડી રાખો કા ફ્રીઝમાં ?<br>
બારીની બહાર કદી ડોકિયું કરો<br>
આભા મલકે છે એકમ કે બીજમાં.<br>
ઘરમાં નહીં કે નહીં હોટેલમાં<br>
કોઈની પાંપણમાં રેશમી મુકામ કરો.<br>
તમે માણસને ચાહવાનું કામ કરો.<br>
અફલાતૂન સાંજ દિયો કડકડતી ભેટમાં;



છલકાવો કોઈની પિયાલી,
જાગીને જોશો તો ચહેરા પર દેખાશે
જીવ્યાની જાહોજલાલી;
ગાવામાં, ચાહવામાં, છાપવામાં, આપણામાં
ક્યાંક તો પોતાનું નામ કરો.
તમે માણસને ચાહવાનું કામ કરો.

### માર્ગદર્શક સ્તંભ

અધ્યાપનની શરૂઆતમાં દરરોજ સવારથી લઈને સાંજ સુધીની દિનચર્યા વિષે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી શકાય. નાના-મોટાને મળતી વખતે કેવી રીતે શુભેચ્છા વ્યક્ત કરી શકાય તે વિષે ચર્ચા કરી શકાય. મનમાં રહેલી શંકા-કુશંકા, ખરાબ વિચારો, પૂર્વગ્રહને ત્યજીને હકારાત્મક દષ્ટિકોણ અપનાવવાની વાત કરી શકાય. બાળકોને ગમતાંનો ગુલાલ કરવા અને બીજાને મદદરૂપ થવા પ્રેરિત કરી શકાય. કુદરતી રીતે જીવવા કૃત્રિમતાથી દૂર રહેવાની વાત કરી શકાય.

## સ્વાધ્યાય

**સ. ૧. નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલાં શબ્દો શોધો :**

| | | | |
|---|---|---|---|
| (૧) તેજ | (૨) ચંદ્ર | (૩) પડાવ | (૪) સમૃદ્ધિ |
| (૫) મુખ | (૬) બક્ષિસ | (૭) રવિ | (૮) સર્વશ્રેષ્ઠ |

**સ. ૨. કાવ્યમાંથી પ્રાસવાળા શબ્દોની જોડી શોધીને લખો.**

**સ. ૩. શબ્દોની અંતાક્ષરી પૂરી કરો :**

(૧) જાહોજલાલી → લીના → નારાજ → જતીન → નપાવટ
(૨) લહાય → ____ → ____ → ____ → ____
(૩) રેશમી → ____ → ____ → ____ → ____
(૪) સૂરજ → ____ → ____ → ____ → ____
(૫) તાજાં → ____ → ____ → ____ → ____

**સ. ૪. ઉદાહરણ પ્રમાણે કોષ્ટકમાંથી શબ્દો શોધીને લખો.**

દા.ત. સવાર - સાંજ
(૧) ધરતી - ________________
(૨) વાસી - ________________
(૩) ઊંઘવું - ________________
(૪) અંદર - ________________

| | | | |
|---|---|---|---|
| જા | ગ | વું | હ |
| આ | ભ | ની | સાં |
| ફ | જે | તા | જ |
| તા | મ | જાં | માં |
| બ | હા | ર | જા |

સ. ૫. કાવ્યમાં વપરાયેલા અન્ય ભાષાના શબ્દો લખો.

સ. ૬. 'જાહોજલાલી' શબ્દમાંથી બની શકે તેટલાં નાના નાના શબ્દો બનાવો.

સ. ૭. યોગ્ય વિકલ્પ શોધી વિધાન પૂર્ણ કરો :

(૧) ક્યાંક તો પોતાનું નામ કરો; તમે માણસને _______________

(અ) ભૂલવાનું કામ કરો (આ) ચાહવાનું કામ કરો (ઇ) વઢવાનું કામ કરો


(૨) સૂરજને ગુડ મોર્નિંગ કહેવાનું શીખો ને ઝૂકીને _______________

(અ) ચાંદને સલામ કરો (આ) તારાને સલામ કરો (ઇ) સૂરજને સલામ કરો

(૩) જાગીને જોશો તો ચહેરા પર દેખાશે _______________

(અ) શહેરની જાહોજલાલી (આ) ચહેરાની જાહોજલાલી (ઇ) જીવ્યાની જાહોજલાલી

સ. ૮. યોગ્ય રીતે જોડો :




સ. ૯. યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :

(૧) તાજાં દેખાવાની લહાયમાં જાત તમે સંતાડી રાખો કાં _______________ માં ?

(અ) મન (આ) ફ્રીઝ (ઇ) ઘર

(૨) _______________ મલકે છે એકમ કે બીજમાં.

(અ) ચહેરો (આ) ચાંદ (ઇ) આભા

(૩) અફલાતૂન _______________ દિયો કડકડતી ભેટમાં

(અ) બપોર (આ) સવાર (ઇ) સાંજ

સ. ૧૦. કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં સમજાવો.

સ. ૧૧. કૌંસમાં આપેલી સૂચના મુજબ કાળપરિવર્તન કરો :

(૧) મમ્મીએ સ્વાદિષ્ટ શાક બનાવ્યું. (ભવિષ્યકાળ) (૨) નદીમાં ઘણું પૂર આવ્યું છે. (ભૂતકાળ)

(૩) દરિયો આનંદની છોળો ઉડાડતો હતો. (વર્તમાનકાળ) (૪) મામા આવશે તો મજા આવશે. (વર્તમાનકાળ)

સ. ૧૨. આપેલાં વિધાનોમાં યોગ્ય ઠેકાણે વિરામચિહ્નો મૂકો.

(૧) બેટા એ બધાં જુદા જુદા ધર્મ પાળે છે

(૨) તેણે ચોરને પૂછ્યું શા માટે આવ્યો છે

(૩) પૂનમ ભરતી ઓટ અમાસ વગેરે બાબતોની માહિતી મેળવવી

(૪) તેણે ક્યો ડ્રેસ પહેર્યો હતો

સ. ૧૩. તમે ઘરના વડીલ વ્યક્તિ છો, ઘરના નાનાં સભ્યો તરફથી તમને કેવી વર્તણૂંકની અપેક્ષા છે તે વર્ગમાં કહો.

## પ્રકલ્પ

★ મુકેશ જોશી જેવા કોઈપણ બે સાંપ્રત કવિઓની કવિતા ઇન્ટરનેટ પરથી શોધી સુંદર અક્ષરે ચાર્ટ બનાવી વર્ગમાં મૂકો.

## પદ્ય વિશ્લેષણ

★ આ કાવ્યના કવિનું નામ, કાવ્ય પ્રકાર, કાવ્યનો સંદેશો લખો.

## રસાસ્વાદ

★ નીચેની કાવ્યપંક્તિનો રસાસ્વાદ કરાવો.

જીવ્યાની જાહોજલાલી;
ગાવામાં, ચાહવામાં, છાપવામાં, આપણામાં
ક્યાંક તો પોતાનું નામ કરો.
તમે માણસને ચાહવાનું કામ કરો.

## લેખન કૌશલ્ય

★ વીજળી / પાણી બચાવોની જાહેરખબર તૈયાર કરો.

## વિશેષ વાંચન

### માણેકડું

કાળિયો કુંભાર, ઘેર ગધેડાં છે બાર, એમાં એક છેક અડિયલ માણેકડું નામનું.
ખડ ખૂબ ખાય તો ય ભાર ઊંચકાય નહિ, કાળિયાને લાગે નહીં કદી કશા કામનું.
કાળિયો બિચારો કોટિ ઉપાય વિચારે, ડીફાં, દસ વીસ મારે, પણ માને જડ જાત રે ?
આખર ઉપાય મળ્યો એક અચાનક જ્યારે, ગાજર દેખીને દોડ્યું માણેકડું ખેતરે !
લાંબી એક લાકડીને માણેકની પીઠે બાંધી, લટકાવી દીધાં ચાર ગાજર જ્યાં મોખરે,
લાલચે લોભાઈ દોડે માણેક બિચારું હવે, રોજ ખેંચે બોજ ! પામે ગાજર ના એક રે !
કાળિયાની જુગતીથી લોક બહુ રાજી થાય, વિમાસું હું માણેકનું દેખી મોં દયામણું,
આપણે ન દોડી રહ્યાં ગાજરની લાલચે જ ? કો'કે લટકાવ્યું સામે સપનું સોહામણું !

– વિનોદ અધ્વર્યુ

## સ્વાધ્યાય

6YPDCS

સ. ૧. 'આપણી સ્થિતિ પણ માણેક જેવી જ છે' વિશે તમારા વિચારો જણાવો.

સ. ૨. કાળિયા કુંભારે કરેલી યુક્તિને તમારા શબ્દોમાં વર્ણવો.

દુ:ખો, બેચેની અને દિલગીરી એ જીવનના પડછાયા છે.